શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પ્રકાશિત

# જ્યોતિ પુંજ

જૂન' ૨૦૦૩

## હે પ્રભુ

*સંજોગો વિકટ હોય ત્યારે સુંદર રીતે કેમ જીવવું તે મને શીખવ,*
*બધી બાબતો અવળી પડતી હોય ત્યારે*
*હાસ્ય અને આનંદ કેમ ન ગુમાવવાં તે મને શીખવ,*
*પરિસ્થિતિ ગુસ્સો પ્રેરે તેવી હોય ત્યારે*
*શાંતિ કેમ રાખવી તે મને શીખવ.*
*કામ અતિશય મુશ્કેલ લાગતું હોય ત્યારે*
*ખંતથી એમાં લાગ્યા કેમ રહેવું તે મને શીખવ,*
*કઠોર ટીકાઓનો વરસાદ વરસે ત્યારે*
*તેમાંથી મારા ખપનું ગ્રહણ કેમ કરી લેવું તે મને શીખવ.*
*પ્રલોભનો, પ્રસંશા, ખુશામતની વચ્ચે તટસ્થ કેમ રહેવું તે મને શીખવ.*
*ચારે બાજુથી મુશ્કેલી ઘેરી વળે, શ્રદ્ધા ડગુમગુ થઈ જાય,*
*નિરાશાની ગર્તામાં મન ડૂબી જાય ત્યારે ધૈર્ય અને શાંતિથી*
*તારી કૃપાની પ્રતીક્ષા કેમ કરવી તે મને શીખવ.*
*લોક સ્વરાજ-એપ્રિલ ૨૦૦૩ (મૈત્રી ટ્રસ્ટની પત્રિકામાંથી)*

# વસ્તીપત્રકનું વિમોચન

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રીમતી મંજુલાબહેન નવીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત વસ્તીપત્રક ૯મી આવૃત્તિનું વિમોચન તા. ૨૨-૬-૨૦૦૩ના રોજ સાંજે ૬.૩૦ કલાકે ચંદારામજી ગર્લ્સ સ્કુલ, સી.પી. ટેન્ક, મુંબઈ-૪૦૦૦૦૪ ખાતે થશે. ત્યારબાદ વસ્તીપત્રકનું વિતરણ પણ કરવામાં આવશે.

આ વસ્તીપત્રક લેવા બાબત ગયા અંકના છાપેલ ફોર્મ ભરીને લાવવું જરૂરી છે. આ ફોર્મ વગર વસ્તી પત્રક મળશે નહીં. આ ફોર્મની (ઝેરોક્ષ) ચાલશે નહીં. કુટુંબ દીઠ એક વસ્તીપત્રક નું વિતરણ કરવામાં આવશે.

તા. ૧-૭-૨૦૦૩થી નીચે મુજબ સ્થળેથી મળશે.

૧) **સંસ્થાની ઓફિસ** સોમ થી શનિ ૭ થી ૮.૩૦ અને

રવિવારે સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦

ફોન : ૨૩૮૮૭૦૦૬

૨) **Impex Agency** - Nagdevi - 23426954

૩) **Chandresh Entp. Corpn. :** Lohar chawl - 22018326

૪) **કલ્પેશ કીર્તનલાલ ધારીઆ** - અંધેરી

ફોન : ૨૬૭૭૮૭૫૨

૫) **દિલીપભાઈ નવનીતલાલ ધારીઆ** - મલાડ-

ફોન : ૨૮૮૧૯૪૨૩

૬) **વસંત નટવરલાલ દેસાઈ** - કાંદિવલી

ફોન : ૨૮૬૩૮૨૬૮

૭) **હેમેન્દ્ર રમણલાલ શાહ** -બોરીવલી -

ફોન : ૨૮૬૪૦૧૬૭/૨૮૦૫૦૭૩૫

નોંધ : જે વ્યક્તિ વસ્તીપત્રક ૮મી આવૃત્તિ પ્રમાણે સંયુક્ત કુટુંબમાં રહેતા હોય અને હવે જુદાં રહેવા ગયા હોય તેઓને અને જેમના નામ ૮મી આવૃત્તિમાં ના હોય અને જે વ્યક્તિને જ્યોતિપુંજ મળ્યું ન હોય તેઓને વસ્તીપત્રક એક મહિના પછી મળશે. દરેક સેન્ટરમાં સ્ટોક હશે ત્યાં સુધી જ વસ્તીપત્રક મળશે.

***મંત્રી : શીરીષ પરીખ,*** ***સંયોજક : ભાવેશ બીપીન મોદી***

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૪૪ | ૩ | ૧૪-૦૬ -૨૦૦૩ |

નિખિલ પરીખ (તંત્રી)
જતીન ન. દેસાઈ
ચેતન કાં. મોદી
શ્રીમતી રીટા મુ. ગાંધી (S.E.O.)
નિકેશ જ. ગાંધી

***પત્રવ્યવહારનું સરનામું***

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**
વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન
૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.
ફોન : ૨૪૪૪ ૯૯૧૬ ● ૨૪૪૪ ૯૯૨૯

*

**મંત્રી : શીરીષ પરીખ**
બ્લોસમ કાર્ડસ, ૮૮/E ખાડીલકર રોડ, ૪, નારાયણવાડી બિલ્ડિંગ,
કાંદાવાડી, મુંબઈ - ૪૦૦ ૦૦૪
**ટે.ઓ.:** ૨૩૮૬૦૦૨૯/૨૩૮૨૫૦૨૫ ● ઘર : ૨૩૮૮૯૬૦૬
ફેક્સ : ૩૮૨ ૫૦૨૫

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અરદેશરદાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮૭૦૦૬

**: સમય :**
સોમવાર થી શનિવાર ૭ થી ૮.૩૦ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૦૦ (સવારે)
**visit us at www.balasinor.org**


# અતીતના સંસ્મરણો

જ્યોતિપુંજના ખરા ચાહક અને એક ઉમદા લેખક, વિવેચક મંગલભાઈ પરીખને આપણે ગુમાવ્યા છે. તેઓને તેમની કેન્સરની બિમારી વિશે છેલ્લા બે વર્ષથી ખબર હતી. અંત સમયે મનમાં કેટલાંયે વિચારો માનવીને આવે છે. આવા વિચારોને શબ્દોનું રૂપ આપવા મેં તેઓને વિનંતી કરી હતી. તેના પ્રતિસાદરૂપે તેઓએ લખેલા બે લેખો આપણે જ્યોતિપૂંજમાં અગાઉ વાંચી ગયા છીએ. બાલાસિનોર ગામના અતીતના સ્મરણો ને તેઓએ શબ્દરૂપ આપ્યું હતું અને આને કેટલાંક હપ્તાઓમાં લખાણપૂર્વક લખવાની તેઓની ઈચ્છા હતી. પણ એક લેખ પછી એ પૂરું ન થયું. તો આજે તેઓને શ્રદ્ધાંજલિરૂપે તેઓના જ અતીતના સંસ્મરણો જ્યોતિપુંજના વાચકો સમક્ષ રજુ કરીએ છીએ. ***- તંત્રી***

## અતીતના સંસ્મરણો

આજથી ૭૦ વર્ષની પાછળ નજર કરું છું તો કેટલાં દ્રશ્યો સ્મરણ પટ ઉપર અંકાયેલાં રહે છે. બાલાસિનોર જેવા ગામોમાં સંસ્કૃતિની જલક નજર સમક્ષ આવ્યા વગર રહેતી નથી. સવારમાં 'બા' ઉઠે. પોતાની દિનચર્યા શરૂ કરે. સવારમાં અનાજ લઈ ઘંટી (હાથની પત્થરના પડવાળી) ઉપર દળવા બેસે અને પ્રભુ ભજન કરે એ ભજનમાંનું એક તો મને યાદ છે.

***''શ્રી ગોકુલ સાસરિયે જાવું,***
***આણું તો શ્રી મોહનવરનું આવ્યું''***

લખ્યું શ્રી હસ્તતણું ભાવ્યું શ્રી ગોકુળ સાસરીયે

ઘંટીના બે પડના દળાવાનો અવાજ કાનને એટલો બધો કર્ણપ્રિય લાગતો એક ઉંઘ આવે અને મનને સારું

લાગે. સવારે ઘરનો કચરો-વાસીદું કરે અને સવારે ગાય દોહીને તાજું દૂધ પીવા મળે. ગાયની દેખભાળ એવી જ રાખે. ગાય સાંજે દોડતી પાછી આવે જાણે ગાયને બધી ખબર હોય. સવારે ચરાવવા મોકલવામાં આવે આમ ઘરનાં વ્યક્તિની સાથે કુટુંબ સાથે જડાઈ ગઈ હતી. ગામમાં ઘણાંને ત્યાં ગાય હતી.

તે સમય એવો હતો કે સમય સમયે અનાજ ભરવાનાં-છડવાનાં અને ડાંગરમાંથી ચોખા અલગ કરી ઘરના બધાં આ અનાજને કોઠીઓમાં ભરી લેતાં. મસાલા ઘરમા જ થતાં. પતરાળા પૈડા થતા. આમ બધાં જ ઘરેલું કામ કુટુંબની વ્યક્તિઓ સાથે મળી હોંશે હોંશે કરતી. પાણી માટે કુટુંબની સ્ત્રીઓ પાણી ભરી લાવતી. આમ દળવામાં, છડવામાં પાણી ભરી લાવવામાં કસરત રહેતી અને સ્વાવલંબી જીવન જીવાતું. ફળીયામાં કો'કને ત્યાં મંદીર હોય. ગામમાં ઘણાને ઘરે મંદિર હોય, પાકી સેવા હોય, ઠાકોરજીને માટે ધરાવેલો પ્રસાદ હોય, તહેવારે તહેવારે કિર્તન થાય. મહાઓચ્છવ, ફગવા-ડોલ, હીંડોળા આમ વિવિધ દર્શન કિર્તન ઓચ્છવ થાય.

હિંડોળા વખતે એક કિર્તન હંમેશા ગવાય. તેના શબ્દો છે,

***આ ઝીણી ઝીણી બુંદ પડે રઢ લાગી ભક્ત સમાજને ત્યાં મળીયો.***

એવા સુંદર રાગમાં ગવાય કે ખૂબ જ ગમે. આ પુષ્ટીભક્તિની પ્રથા હતી. ડોલ ઓચ્છવ રંગની બૌછાર અને હીંડોળા.

જીવનની  આ ઘટમાળ હતી. ભજન, કીર્તન, પહેરામણી અને ઠાકોરજીનો પ્રસાદ, સગાં વહાલાં વૈષ્ણવો મળી લેવાનો લોકોનો પ્રેમ, લાગણી, આત્મીયતા, શુદ્ધ પ્રભુમય જીવન જીવવાનો એક લહાવો. સવારના નરસીંહ મહેતાના પ્રભાતિયા ઘર ઘરમાં ગવાય. જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા-તુજ વિના ઘેનમાં કોણ જાશે!

શાળામાં જવાનું, ઠાકોરજીને કે સેવાને પગે લાગીને શાળાના શિક્ષકની અદબ જાળવવાની, લેશન વ્યવસ્થિત કરવાનું. મા-બાપ ભણાવે અને સંસ્કારનું સીંચન કરાવે. પૌષ્ટિક ખોરાક, સવારે ટોપરુ, ખોરાક, ગોળ, જમવામાં બાજરી કે જ્વારના રોટલા, શાક-ભાત-દાળ, સારો દિવસ કે પ્રસંગ હોય તો રોટલી, પોરણપોળી કે લાડવો થતો. ઘી સારું ચોક્ખું ખવાતું. પૌષ્ટિક ખોરાક અને મહેનતી જીવન, કરકસરનું અને સાદગીભર્યું જીવન.

મેડીકલ શાસ્ત્ર બહુ વીકસ્યું નહોતું, દવાઓ બહુ શોધાઈ ન હોતી અને અકાળે મોત આવતું.

# મોત અને મરશીયા લૌકિક પ્રથા

અત્યારની ધર્મ નિરપેક્ષતાની વાત આવે છે ત્યારે તેમાં કેવળ વોટ લેવાની કે સત્તા મેળવવાનાં પ્યાદાં જપ્ત કરવાના દાવ પેચ. હું નાનો હતો ત્યારે મારા પિતાશ્રી તલાટી હતી. હોળી, દીવાળી કે દશેરા પ્રસંગે બંગલે આવવાનું આમંત્રણ મળતું. મહેલમાં જઈ હોલ પાસે જાજમ પર અદબ વાળીને બેસવાનું ત્યારે પરદાનો રિવાજ હતો. અંદરના બીજા રૂમમાંથી અવાજ આવે, ''ચંદુભાઈ, બચ્ચે કે લાયેહો ?'' અને પિતાજી હકારમાં જવાબ આપે એટલે એક નાનો છોકરો કે છોકરી મને બેગમ પાસે અંદર લઈ જાય. મારા માથે હાથ ફેરવે ્ને આશીર્વાદરૂપ શબ્દોમાં ભણવા ઉપર ભાર આપે. દીવાળીના દિવસે ફટાકડા, હોળીના દિવસે ખારેક, ખજૂર ્ને ખાંડના રમકડાં તથા હાર આપે. આમ ટોકરીઓ ભરી ને આપે, મીઠાઈ પણ હોય અને મને પ્રેમથી વિદાય કરે. લોકોમાં સુખ-શાંતિ અને હિંદુ-મુસ્લીમ વચ્ચે ભાઈચારો, લાગણી, પ્રસંગો ઉપર આવન જીવન હતી. મારા બાપાએ એક અનાથ મુસ્લીમ

છોકરાને ઘરે લઈ મોટો કર્યો. રોજ બા પાસે પ્રસાદ માગે. હુસેન એનું નામ. ઘરનું બરાબર ધ્યાન રાખે. બાપાએ નોકરીએ પોતાની સાથે દફતરમાં નોકરીએ રાખ્યો. અને પરણાવ્યો તેના સમાજમાં જ. આજની જેમ ધર્મનું રાજકારણ નહોતું.

બાલાસિનોર, વીરપુર અને દેવગઢ બારીઆમાં વૈષ્ણવો ખૂબ જ. સંગીત, ભજન, કીર્તન, શાસ્ત્રીય રીતે વધુમાં વધુ દેવગઢ બારીઆમાં પુરા સાજિંત્રો, રાગ અને સૂરથી ગવાય. જાણે કે ઠાકોરજી સાચે જ ખેલ કરે છે. ભક્તિ સંગીતનો દાવો દેવગઢ બારીઆનો તો સવિશેષ.

માગસીર સુદી સાતમ દિન ધન્ય પ્રાગટયરૂપે
ભોમી ભાગ્ય ધન્ય મેહ જનમ શ્રી વલ્લભે.

મહાઓચ્છવનું કિર્તન જ્યારે ગાય અને તબલા ઉપરની થાપ પડે અને પછી હીંચ લેવાનું મન થાય. આજે તો જેને સ્મરણ છે એને એ દિવસનો ખ્યાલ આવે છે.

બા ભરૂચી સમાજનાં હતા. બાલાસિનોર ભરૂચિ વૈષ્ણવ બહુ ઓછા. એટલે બારીયા કે સખેડા બાધરપુર (વડોદરા પાસે) જવાનું ત્યાં મનોરથ-હિંડોળા મહાઓચ્છવનો અચુક લાભ મળતો. આજથી ૪૦ વર્ષ પહેલાં મારે સહકુટુંબ સાથે બનારસ જવાનું થયું. મહાઓચ્છવનો પ્રસંગ હોય. ગુજરાતી સમાજ મોટો અને ભક્તિભાવથી તરબોળ. યુવાન-યુવતી દરેક પોતાના ઘરમાં મંદીરને પગે લાગી પછી સ્કુલ-કોલેજ જવાનું. આ હું નીરખતો. મારા મન ઉપર એક અનોખી છાપ રહેતી. મોટા ભાગની યુવતી અને યુવકોને કિર્તન આવડે. એક દિવસે ત્યાં ભજનમાં જવાનું આમંત્રણ મળ્યું. રાત્રે ૧૦ થી સવારે ૩ વાગ્યા સુધી. પુરા સાજ વાજિંત્રો અને મોટો સમાજ કપાળમાં પીયર-તિલક વધુ થાય. ફુલેલ-અત્તર એક વૈષ્ણવ બીજાને લગાડે અને કિર્તન શાસ્ત્રીય પદ્ધતિસર.

શાળાના દિવસો યાદ આવે છે ત્યારે અને અત્યારમાં ઘણો ફરક લાગે છે. શિસ્તવધુ-શિક્ષકો પણ પ્રામાણિક. પીરીયડ પુરો થાય અને કે શાળા પુરી થાય પછી શિક્ષકો તમારા મનનું સમાધાન કરે. શાળાની ફી પણ ઓછી, ૧૦ આના-૧૨ આના. રમતગમત પણ ખરી. ક્રિકેટ, ખો, ગીલ્લી દંડા, ફુટબોલ અને વોલી-બોલ, શાળામાં ડ્રોઈંગ અને ડ્રીલ ખરું. સર્વ પ્રથમ સરસ્વતી અને પ્રભુ પ્રાર્થના, આ નિયમ.

આઝાદીનું બ્યુગલ બાલાસિનોરમાં પણ વાગી ચૂક્યું હતું. સ્વ. કાન્તીભાઈ પરીખનું આગમન ૧૯૪૦માં થયું. સ્વાસ્થ્ય અખાડાની શરૂઆત થઈ. વિદ્યાર્થીઓમાં અને યુવાનોમાં એક જાગૃતિ આવી. સવારે વહેલું ઉઠવાનું, અખાડામાં જવાનું, પ્રભાતફેરી થાય, આઝાદીનાં ગીતો ગવાય, સભા સરઘસ થાય અને ઈંકીલાબના નારા વાગે. વાતાવરણમાં એક નવી જ રોશની થઈ યુવાનોમાં જાગૃતિ અને સ્વરક્ષણની ભાવના જાગી. નવી અનુ જુની ઘરેડનું ઘર્ષણ થયું. મરણ કે વાસ્તાનું કે મૃત્યુનું જમવું કે બહીષ્કાર કરવો. આમ નવા વિચારો સાથે ક્રાંતિનું સર્જન થયું. પીકેટીંગ અને ઘર્ષણ શરૂ થયા. ૧૯૩૯-૧૯૪૦માં રણજીત સિંહ દિવાન હતા. પ્રજાની સુખ-શાંતિ માટે જાગૃત. નવાબ સાહેબ તો વડોદરામાં નજરકેદ હતા. વરસાદની ખેંચ વર્ષો વર્ષ રહેતી. એમણે મહાયજ્ઞ કર્યો અને ઈશ્વરની કૃપા થઈ. વરસાદનાં છાંટા પડ્યા. યજ્ઞ સફળ થયો. રોજ સવારે તેમના પાણીદાર કાળા તુર્કી ઘોડા ઉપર સવારી કરી ગામના આખા કીલ્લાની બહાર લટાર મારી દિનચર્યા કરતા.

૧૯૪૨ની ક્રાંતિની અસર સ્વ. કાંતીભાઈ પરીખ અને નટુભાઈ મોદી થકી વધુ જાગૃત બની. પોપટલાલ દીવાન ત્યારે સત્તા ઉપર હતા. બાલાસિનોરની કોરોનેશન હાઈસ્કુલમાં ત્યારે સહશિક્ષણની શરૂઆત થઈ ન હતી. પણ તેમને પોતાની દીકરીને મોકલી અને સહશિક્ષણની

શરૂઆત થઈ. ૧૯૪૪માં શાળામાં છોકરીઓએ આવવાની શરૂઆત ૧૯૪૨માં ક્રાંતિની જ્વાળામાં શાળા બંધ થઈ. ઠેર ઠેર દીવાન વિરુદ્ધ સૂત્રો લગાવ્યાં.

***'પોપટ વગાડે પીપૂડી ને લેલે વગાડે ઢોલ'***

પ્રીન્સીપાલ તરીકે અને શિક્ષણ ક્ષેત્રે લેલે સાહેબ બહુ જ રસપૂર્વક અને વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સહઅસ્તિત્વથી કામ લેતા. રમતગમતના ખૂબ શોખીન. ક્રિકેટ અને વોલીબોલ તેઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે રમતા.શ્રી ઓચ્છવલાલ ત્રિવેદી સંચાલક તરીકે ખૂબ જ નિપૂણ હતા. લેલે પહેલાં મૂર્તિ પ્રીન્સીપાલ હતા અને પછી શ્રી શાન્તીલાલ પરીખ અને ૧૯૪૭ પછી શ્રી શશીભાઈ કડકીઆ આવ્યા. સ્વ. કાંતીભાઈની પ્રેરણાથી વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ હતી. હસ્ત લિખિત પત્રો, શુશોભિત પેઈન્ટસ દ્વારા સ્વ. શ્રી નરેન્દ્ર ત્રિવેદી અને શ્રી પ્રભાશંકર સુથાર દ્વારા કે સ્વ. શ્રી મલેક દ્વારા આ હસ્તલિખિત સુશોભિત થતા. આમ યુવાનોમાં સાહિત્ય શોખ જાગતો. જ્યોતિપુંજ-દિવ્યજ્યોત અસ્તિત્વમાં આવ્યા.

બાલાસિનોરમાં તે વખતે ૧૯૩૫-૪૫ કથાકારો, વ્યાસ, અને માણભટ્ટો આવતા લોકોનું મનોરંજન કરતા. કઠપુતલીના પ્રયોગો થતા અને આવા કથાકારોને પોતાની આજીવીકા મળતી. મુસ્લીમોમાં તાજીયાનું મહત્ત્વ વધારે. ઉંચામાં ઉંચા તાજીયાનું સરઘસ નીકળતું.રાગબંધ મરશીયા ગવાતા અને શિસ્તબંધ તાજીયા નીકળતા- કલાકારીગરી નમુના સાથે પણ બધુ જ શાંતિ, સદભાવ રીતે કોઈ રાજ રમત નહીં.

મુસ્લીમ વેપારી, ઠેકેદારો અને ખેડૂતો, વાણિયા, બ્રાહ્મણ ને ત્યાં કામ પ્રસંગે ઘરમાં આવતા. પણ બધું જ મર્યાદામાં. હરિજન કે ભંગીને ગલીમાં આવવાની બંધી. બુમાબુમ થઈ જાય. હરિજન પ્રત્યે અમારા વડિલોને બહુ સખ્તાઈ. નરસિંહ મહેતાની ભક્તિની વાતો કરે, એટલું જ. નવા યુગનાં, ગાંધી યુગનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં. અમારામાં પણ જાગૃતિ આવી હતી. ગામ બહાર હરિજન વાસમાં અમે પ્રૌઢ શિક્ષણ માટે ભણાવવા જતા. મારી બા મને ઠંડા પાણીએ નવડાવે પછી જ ઘરમાં દાખલ થવાનું. શાહુકારો ગામડાવાળા, ઠાકોરને વ્યાજમાં વટાવમાં લૂંટતા. મોહનભાઈ પરીખ, રસીકભાઈ ગાંધી, રસીકભાઈ તાતીયા, કાન્તીભાઈ વિ. ત્યાં ગામડામાં જતા. સ્વાવલંબી જીવન જીવવાની પ્રવૃત્તિ થતી. સાદાઈ અને સફાઈના પ્રત્યક્ષ પુરાવા મળતા. ઠક્કર બાપા, રવીશંકર મહારાજ, ઈંદુલાલ યાજ્ઞિકનો પ્રભાવ પણ પ્રસરવા માંડ્યો હતો. સ્વ. કાંતીભાઈ પરીખે ૨૦/૨૫ યુવાનોને તૈયાર કર્યા હતા.

૧૯૪૬ના અરસામાં નવાબ સાહેબના મહેલમાં આગ લાગી-જબર જસ્ત–ગામના લોકોએ બે દિવસ સખત મહેનત કરીને અંતે આગ બુઝાઈ. આ એક રહસ્યમય ઘટના હતી. મહેલ અને તેના જર-ઝવેરાત-દારુગોળો બધું જ ખત્મ થઈ ગયું. પણ નવાબ સાહેબને ત્યાં પુત્રનો જન્મ થઈ ચૂક્યો હતો. આજે પણ લોકોની ચાહના વચ્ચે હયાત છે. આજે પણ નવાબ સાહેબના એ વંશ અને કુટુંબને પ્રેમ લાગણીથી નિહાળે છે. ધર્મ નિરપેક્ષતાના આવા નમુનાઓ આજે હયાત છે.

આજ અરસામાં બાલાસિનોરને એક કમનસીબ દિવાન મળ્યા મી. કલ્યાણી. આઝાદીની ઉષા જાગી રહી હતી. પાકિસ્તાન સાથે જોડાણની મહોર મારી દીધી. જુનાગઢના નવાબ બાબી સુલતાન મહંમદ અને દીવાન ભુત્તોની સલાહથી તેમને કુબુદ્ધિ સુજી.

અભયસીંગ બહારવટીયાને પકડવા આર્મીની એક બટાલીયન વાડાસિનોર આવી હતી. જેના સુબેદાર

મેજર ચંદન સીંગ (ચનાન સીંગ) શીખ હતા. અહીં પોલીસની વ્યવસ્થા પોકળ હતી. જે કંઈ પોલીસ હતી તે નામની હતી. અભયસીંગ કેદાર મહાદેવ દર્શન કરવા આવે તો ગામના દરવાજા બંધ થઈ જાય. પોપટલાલ દીવાન પણ તેની ટોળકીથી ડરતા હતા. તેની પદ્ધતિ એક સરખી હતી. એટાડી અને મહાનદીની કોતરો તેનું સ્થાન હતું. એનો એક હાથ ઠુંઠો હતો પણ નિશાન અચૂક હતું. ચીડીયો તેનો ખાસ સાથીદાર હતો. હું ત્યારે શાળામાં ભણતો હતો. મારા મિત્ર શિવલાલ પટેલને ત્યાં જેલમાં વાંચવા ગયો હતો. તેના પિતા છોટાલાલ જેલર હતા. પ્રેમસીંગ ચોકી કરતો હતો. જેલમાં એ મોટા અવાજે બરાડતો 'હાળા હુવેરના મને દગો આમ કર્યો ? એક વાર છોડ પછી જો.'

ચંદનસિંગ સુબેદારની પકડ સારી હતી. તેમને મારા બનેવી સ્વ. કાન્તીલાલ એફણીને બંદુક અને નિશાનબાજી શીખવી. બીજા એક સરદાર આત્મસિંઘ બાલાસિનોરમાં ધંધા માટે આવ્યા હતા. આ બન્નેની દોસ્તી સારી. સુબેદારે આ બન્નેને વેરાસરના જંગલમાં તાલીમ આપી હતી. જરૂર પડે કામ લાગી શકે. સ્વ. કાન્તીલાલની હિંમતની તેમને તારીફ કરી હતી.

આજ અરસામાં ૧૯૪૫-૪૬માં મુસ્લીમ લીગે ગુજરાતમાં સારો એવો અડ્ડો જમાવ્યો હતો. બાલાસિનોરમાં પણ લીગના અનુયાયી ઘણા હતા. 'ડોન' અને 'વતન' પત્રો અને આગ ઓકતી ભાષા વાપરતા જનાબ સુહરાવર્દી-ચુંદરીગર અને જીન્નાહનાં ભાષણો, સીધાં પગલાં (Direct Action) અને પાકિસ્તાનની માગણી માટેના લેખો એ કેટલાક મુસ્લીમોને ગુમરાહ કર્યા હતા. આમાં ચાર કુટુંબો બાલાસિનોર છોડી કરાંચી (પાકિસ્તાન) રવાના થઈ ગયા. ૧૫મી ઓગસ્ટનો સુવર્ણ દિવસ આવ્યો. હિંદુ-મુસ્લમાનનાં અલગ સરઘસ નીકળ્યાં. મુસ્લીમોના સરઘસે પાકિસ્તાન ઝીંદાબાદના નારા લગાડ્યા. બીજે દિવસે તોફાનો શરૂ થયાં. નિશાળના ચોકમાં ફાયરીંગ થયું. બાલાસિનોરમાં પ્રથમ જ વાતાવરણ કલુશિત બન્યું. મુકાબલો નહીં કરનાર વણીકોએ (હીંદુઓએ) સહન કર્યું. પણ ગામડામાંથી હજારોની સંખ્યામાં ઠાકોરો-રજપુતો દરવાજાની પાસે પડાવ નાખ્યા. દીવાન કલ્યાણી તથા કેટલાય મુસલમાનો બાલાસિનોરથી ભાગી છૂટયા. સ્વ. ઓચ્છવલાલ મોદી, સ્વ. શ્રી શંકરલાલ શેઠ જેવા મુત્સદીઓએ તેમને ટાઢા પાડ્યા અને બાજી સુધારી લીધી. બાલાસિનોર હંમેશા શાંતિપ્રિય રહ્યું છે. પાકિસ્તાન સાથેનું જોડાણ રદ થયું.

આઝાદીના આ ઉત્થાનમાં બાલાસિનોરમાં રચનાત્મક અને ગાંધીવાદી વિચાર સરણીથી કાર્ય કરવામાં સ્વ. શ્રી પુનમચંદ વૈદ્ય, ઓચ્છવલાલ મોદી (બંગડી), સ્વ. શ્રી રમણલાલ મહેતા તથા શશીભાઈ કડકીઆ, નટુભાઈ મોદીનો ફાળો ખૂબ જ રહ્યો છે. ૧૯૪૨માં શાળાઓનો બહિષ્કાર થયો. શાળાઓ બંધ રહી. મોઢ બ્રાહ્મણ મંડળે વર્ગો શરૂ કરી ઘણા વિદ્યાર્થીઓના વર્ષ-સત્રને બચાવી લીધું હતું.

૧૯૪૭-૧૯૪૮ના વર્ષોમાં બાલાસિનોરમાં ક્રાંતિ અને આઝાદીનાં દર્શન કર્યા. નવાબ સાહેબની ગેરહાજરીમાં બાલાસિનોરની દેખરેખ લુણાવડાના રાજવી વીરભદ્રસિંહ કરતા. ૧૯૪૮ના જાન્યુઆરીની ૩૦ તારીખે સ્વ. ઈંદુલાલ યાજ્ઞિકની બાલાસિનોર મુકામે વિશાળ મિટિંગ હતી. ત્યારે જ ખબર પડી કે ગાંધીજી ને ગોળી મારી તેઓ શહાદતને વર્યા હતા.

ગાંધીજી ગયા. એક યુગ પુરો થયો. આઝાદ હિંદ ફોજની રચના બીજું વિશ્વયુદ્ધ-અમેરિકાનું યુદ્ધમાં ઉતરવું

અને ૧૯૪૪માં અણુબોમ્બ નાખતાં. જાપાન શરણે આવ્યું. હીટલર પરાજિત થઈ મૃત્યુ પામ્યો અને સુભાષબાબુની હીંદી ફોજે આઝાદીને વધુ નજદીક લાવી દીધું હતું. બાલાસિનોરની કોલાબા ઓફિસે આ બધા યુદ્ધના અને અન્ય સમાચારો મળતા.

૧૯૫૦ પછી મોટા ભાગના કાર્યકરો મુંબઈ આવી ગયા. નવયુવક સંઘની સ્થાપના થઈ. જ્યોતિપુંજનું પ્રકાશન વ્યવસ્થિત બન્યું. દશાનિમા નવયુવક મંડળે પોતાની પાંખો પ્રસારી માનનીય મોરારજીભાઈના વરદહસ્તે મહેતા હાઉસમાં મેડીકલ ટ્રસ્ટનું ઉદ્‌ઘાટન થયું. સ્વ. શ્રી મણીભાઈ ઓલ્લાના અથાગ મહેનતે ફીલ્ટર પાણીનો પ્રોજેક્ટ થયો. છેલ્લા ૫૦ વર્ષમાં વાડાસિનોરની કાયા મુંબઈના સખાવતીઓ બદલી નાખી. હૉસ્પિટલ, શાળાઓ, આઈટીઆઈ કોલેજ. મુંબઈમાં પ્રગતિ સમાજ અને તેની બીજી પ્રવૃત્તિ એટલે બેકીંગ-ધીરાણ યોજના.

પણ ક્રાંતિ એ બાલાસિનોર ખાસીયત છે. મુંબઈથી આપણે અમેરીકામાં વસવાટ-છેલ્લાં ૪૦ વર્ષમાં લગભગ ૨૫૦૦ની આસપાસની માતબર સંખ્યા પ્રગતિ કરી.

*- મંગલભાઈ પરીખ (તલાટી)*

## એક નાવના મુસાફર આપણે......

*- પ્રવીણ દેસાઈ*

કોઈ વ્યક્તિ પોતાન મૃત્યુનો કેટલી સહજતાથી સ્વીકાર કરી શકે? આપણે જાણીએ છીએ જીવન છે એટલે મૃત્યુ પણ નિશ્ચિત છે છતાં પહેલા શ્વાસનો આનંદ અને અંતિમ ઉચ્છવાસનો વિલાપ માનવી માટે જાણે સહજ પ્રક્રિયા બની ગઈ છે!

વહેલી સવારે ટેલફોનની ઘંટડી રણકે છે. અર્ધજાગ્રતાવસ્થામાં રિસીવર ઉપાડે છે જીવનસાથી. સામા છેડેથી અવાજ આવે છે. પ્રવીણ છે? કોલાહલ વગરની નગરની વહેલી સવારમાં અવાજ સ્પષ્ટ સંભળાય છે. હું રિસીવર કાને ધરુ છું...

...એલાવ...મંગલ ગયો. રસિકભાઈ દલાલનો અવાજ કાને પડે છે. સાડાસાત વાગે કાઢી જવાના છે.

ખબર હતી મંગલ પરીખના મૃત્યુની. છેલ્લા બે વર્ષથી ટુકડે ટુકડે આવી રહેલા મૃત્યુનો યમદેવતા એ અણસાર આપી દીધો હતો. મંગલ પરીખને મૃત્યુ સામે બહાદુરીપૂર્વક લડતો જોયો છે. પહેલાં બાય-પાસ, પ્રોસ્ટેટનું ઓપરેશન અને કેન્સરનું નિદાન. કેન્સર એટલે કેન્સલ નહીં એવી વાત સાંભળી છે. કેટલાક કિસ્સાઓમાં માનવીનું આયખુ ખૂટયું ન હોય તો એ રોગમાંથી મુક્ત થઈ હરતા-ફરતા સંબંધીઓ મિત્રોને પણ જોયા છે. પરંતુ મૃત્યુ સામેના મહાસંગ્રામ પછી તા. ૩૦.૪.૨૦૦૩ના દિને મંગલને એના નિવાસસ્થાને મળ્યો ત્યારે આવી રહેલા મૃત્યુને સહજતાથી સ્વસ્થતાથી એણે સ્વીકારી લીધાની પ્રતિતી થઈ. આ વાતને પુષ્ટિ મળી જ્યારે રાજુએ કહ્યું, ''કાકા, પપ્પાએ એમની વાર, તારીખ વગરની મૃત્યુનોંધ જાતે લખીને તૈયાર રાખી છે. બધી જ વ્યવસ્થા એમણે કરી દીધી છે. ઘડીક મને મન થઈ ગયું મૃત્યુને મંગલ ગણી આવકારતા મંગલ પરીખને સલામ કરવાનું લતાબેને કરેલી સેવા સુશ્રુષા નજર સામે છે.

એક પ્રેમાળ, મૃદુભાષી, સંવેદનશીલ, સાહિત્ય શોખના સમરસિયા, કોલેજકાળના સહાધ્યાયી, સાથી કાર્યકર અને બાળભેરૂને અલવિદા કરવાનો સમય આવી ગયો ત્યારે થોડીક યાદો-સંસ્મરણો સળવળી ઊઠયાં. મનના એક ખૂણે ધરબાઈ રહેલી પળોને અક્ષરદેહ આપવા કલમ મજબૂર બની ગઈ.

૬૦ વર્ષે પ્રથમવાર વતન વાડાસિનોર માર્ચે ૧૬મીએ નીકળી ગયો ત્યાર પહેલા મંગલનો ફોન હતો. ''હું ગોકુલ જઈ બાલાસિનોર આવવાનો છું. આપણે થોડા દિવસો ત્યાં સાથે રહીશું.'' પણ એનો એ વાયદો

વિફળ થયો. અચાનક તબિયતને ઊથલો માર્યો અને હરતો-ફરતો, આનંદમય જીવતો, સતત કાર્યરત એક માનવદેહ પથારી બની ગયો.

ખૂબ નાની વયથી અમે એકબીજાના સાથી સંગાથી. ૫૦ના દાયકામાં વાડાસિનોરની વિદ્યાર્થી પ્રવૃત્તિમાં મંગલ, જસવંત ત્રિવેદી અને નારાયણ વ્યાસ પ્રહરીનું કામ કરતા. કોઈ ગલત કદમ ઉઠાવતા કાર્યકરોને કહેતા ''સાવધાન'' સાહિત્યના રંગે રંગાયેલા મંગલે 'દિવ્યજ્યોત' હસ્તલિખિત દ્વારા પોતાની સર્જકતા વ્યકત કરી હતી. મુંબઈમાં નવયુવક સંઘના નેજા હેઠળ જ્યોતિપુંજનું પ્રકાશન શરૂ થયું તો એમાં પોતાના લખાણો દ્વારા સાહિત્યયાત્રા ચાલુ રાખી. વાચનના શોખીન મંગલ પરીખ સાથે પુસ્તક વિનિમયનો વ્યવહાર એની અંતિમ અવસ્થા સુધી ચાલુ રહ્યો, ગુણવંત શાહના 'કૃષ્ણનું જીવન સંગીત' પુસ્તક મંગાવી વાંચ્યું એટલું જ નહીં, એણે પ્રેમથી કહ્યું ''આ પુસ્તક તને પાછું નહી આપું.''એના જીવનનો પ્રસ્થાન સમય કૃષ્ણમય બની ગયો હતો!

'જ્યોતિપુંજ'ની છેલ્લી સાહિત્યસ્પર્ધામાં આ પુસ્તક વિશે એણે લખેલા લેખને તૃતીય પારિતોષિક મળ્યું એ વાતનો ઉલ્લેખ લતાબેને કર્યો ત્યારે જાણે દુન્યવી વાતોમાંથી ચિત્ત ઊઠી ગયું હોય એમ સહસાજ એ બોલી ઊઠયો ''જવા દે એ બધી વાતો, એનો કોઈ અર્થ નથી.''

પ્રગતિ સમાજ તથા ગામની અન્ય સંસ્થાઓમાં બની શકે એટલી સેવાઓ આપી છે. શ્રી બાલાસિનોર કેળવણી મંડળની કારોબારીમાં ગયા વર્ષ સુધી કામ કર્યું છે. ગામની લગભગ બધી જ સંસ્થાઓના સભ્યના નાતે વાર્ષિક સામાન્ય સભામાં જે તે સંસ્થાની પ્રવૃત્તિમાં ઉંડો રસ દર્શાવ્યો છે. કેળવણી અને એને લગતી પ્રવૃત્તિઓ પ્રત્યે સવિશેષ લગાવ હતો. વર્તમાનપત્રોમાં ચર્ચાપત્રો દ્વારા દેશની સમસ્યાઓ અંગે પોતાનો નિર્ભીત અવાજ રજૂ કર્યો છે.

બાયપાસ બાદ પુનઃસ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યાની અનુભૂતિ થઈ રહી હતી ત્યાં જ એક અસાધ્ય બિમારીમાં સપડાઈ ગયાનું નિદાન થયું. મંગલે સંજોગોને સ્વીકારી લીધા. જીવનની અંતિમ ક્ષણ સુધી મૃત્યુ સામેનો સંઘર્ષ જારી રાખ્યો.

એક જ નાવના મુસાફરો છીએ આપણે બધા. ''નામ એનો નાશ નક્કી છે જગતમાં'' આ વાત આપણે જાણીએ છીએ પણ જ્યારે નાવ હાલક-ડોલક થાય છે કે ભયંકર તોફાનમાં ડૂબવા માંડે છે ત્યારે કેટલા બેબાકળા બની જઈએ છી આપણે! સ્વામી આનંદે કહ્યું હતું : હું તો સામાન બાંધી પ્લેટફોર્મ પર ઊભો છું. ગાડી આવે એની રાહ જોઉં છું. આવું સહજ સ્વસ્થ મૃત્યુ મંગલને વર્યું છે. એ પોતે તો મંગલ હતો જ. મૃત્યુ પણ મંગલ થઈ ગયું.

એકબાજુ સવારે ૮.૦૦ વાગે એના મૃતદેહને ચંદનવાડી સ્મશાનગૃહમાં - વિદ્યુતદાહ માટે અમે એમ્બ્યુલન્સમાં પ્રયાણ કરી રહ્યા હતા ત્યારે આકાશવાણી પર ગીત વાગી રહ્યું હતું...

***''આદમી મુસાફિર હૈ***
***આતા હૈ જાતા હૈ***
***આતે– જાતે રસ્તેમેં***
***યાદેં છોડ જાતા હૈ.''***

શું છે માનવીનું જીવન? એક ચિંતન અહર્નિશ ચાલ્યા કરે છે. મનમાં પોતાની પાછળ છોડી દીધેલી થોડીક સમુધુર યાદો!

આપણુ દર્શનશાસ્ત્ર તો કહે છે : આત્મા જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે.

સ્વ. મૂકેશે ગાયેલું સદાબહાર ગીત યાદ આવે છે :

***પંખીડાને આ પિંજરૂં***
***જૂનું જૂનું લાગે***
***બહુયે સમજાવ્યું તો યે પંખી***
***નવું પિંજરૂં માગે***

માનવજીવનના આવન-જાવનની ઘટમાળ અનંતરૂપે ચાલ્યા જ કરે છે.... ચાલ્યા જ કરે છે.

**શ્રી વાડાસિનોર નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ (મહિલા વિભાગ)ના સહકારથી યોજે છે કાન-નાક અને ગળાની શિબિર (E.N.T. Camp)

ઉપરોક્ત ટ્રસ્ટ દ્વારા કાન-નાક અને ગળાનું શિબિરનું આયોજન જે તા. ૨૯મી જુન ૨૦૦૩ના રોજ કરલે તે સંજોગોવશાત બદલી તા. ૨૨મી જુન ૨૦૦૩ના રોજ સવારે ૯.૩૦ થી ૧ ના સમયમાં ડૉ. અરવિંદ જી. પટેલ અને ડૉ. મીસિસ વિમલ કસબેકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. જેમાં યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. સ્પોન્સર દાતા : શ્રી પ્રવીણભાઈ ઓચ્છલાલ કડકીયા (ખીસાદાર)

આ શિબિરની રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૫/- ભરવાના રહેશે અને રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ ૧૭મી જુનના સાંજના ૫ કલાક સુધીની રાખવામાં આવી છે. રજીસ્ટ્રેશન નીચેના સ્થળો પર કરવામાં આવશે.

નામ નોંધાવવાનો સ્થળો –

૧) મેડીકલ સેન્ટર - સવારે ૮ થી ૫ સુધી
ફોન : ૨૩૬૭૦૧૬૯

૨) જતીન નવનીતલાલ દેસાઈ
લોહાર ચાલ - ૨ થી ૫ સુધી

૩) મોહનલાલ ચુનીલાલ પરીખ
નાગદેવી - ૨ થી ૫ સુધી

૪) હેમુબેન ગોપાલદાસ કડકીયા
સંયોજક (મહિલા વિભાગ)

***જતીન નવનીતલાલ દેસાઈ***
***યોગેશ રમણીકલાલ ધારીઆ (મંત્રીઓ)***
***મોહન પરીખ - સંયોજક (મેડીકલ ટ્રસ્ટ)***
***હેમુબહેન કડકીયા - સંયોજક (મહિલા વિભાગ)***

## બાલાસિનોર નજીક એક જોવાલાયક સ્થળ શ્રી કેદારેશ્વર મહાદેવ

શ્રી કેદારેશ્વર મહાદેવ મંદિર (ધામોદ) એ બાલાસિનોરથી ૩૦ કિ.મી. દુર બાલાસિનોર વિરપુર રોડ ઉપર ઘોરીડુંગરી જોધપુર રોડ વચ્ચે રોડથી દક્ષિણ દિશામાં પાકા રસ્તાથી માત્ર દોઢ કિ.મી. દુર જંગલમાં આવેલુ પુરાતન અને સુંદર રમણીય તિર્થ સ્થાન આવેલું છું. સદર તિર્થધામમાં લગભગ ૪૦૦ વર્ષ પુરાણુ અને ઐતિહાસિક શિવાલય મંદિર આવેલ છે. શ્રી કેદારેશ્વર મહાદેવ મંદિર પવિત્ર સેઢી નદીના ઉદગમ સ્થાન ઉપર બીરાજમાન છે. સુંદર અને આહલાદક પહાડોની મધ્યમાં કુદરતી હરીયાળીથી ભરપુર તેમજ મનને શાંતિ મળે તેવું સંદર શ્રધ્ધાનું સ્થાન છે. સદર તિર્થ ધામે આવવા જવા માટે મેટલ રોડ છે જે પાકા રસ્તાથી દોઢ કિ.મી દુર છે. સદર તિર્થ ધામે શ્રાવણ માસ દરમિયાન ભક્તો, યાત્રિકો અને સાધુ સંતો યાને માનવ મહેરામણથી ઉભરાય છે. વર્ષ દરિમ્યાન બે મોટા મેળાઓનું પણ આયોજન થાય છે. જેમાં એક મહાશિવરાત્રી અને બીજો ગોકુલઅસ્ટમીનો મેળો થાય છે. શ્રાવણ માસમાં દર સોમવારે માનવ મહેરામણથી ઉભરાય જાય છે. જે મીની મેળા જેવુ વાતાવરણ સર્જાય છે. હિન્દુ ધર્મના તહેવારે તેમજ અગીયારસ, પુનમ, અમાસ અને દરેક રજાના દિવસે યાત્રિકોની ચહલપહલથી ભરપુર રહે છે. ખુબ જ શ્રધ્ધાનું કેન્દ્ર છે. ભગવાન શ્રી કેદારેશ્વર મહાદેવ તમામની મનોકામના પૂર્ણ કરે છે. ખેડા, પંચમહાલ, સાબરકાંઠા જીલ્લાની શાળાઓ મહાશાળાઓ તેમજ તમામ પ્રકારન્ના એશોસિયનો સદર તિર્થ ધામનો પિકનીક પોઈન્ટ તરીકેનો પણ ઉપયોગ કરી આનંદીત બની જુમી ઊઠે છે.

શ્રી કેદારેશ્વર મહાદેવના પુજારી કમ ટ્રસ્ટી શ્રી મનુપ્રસાદ મગનલાલ સેવકના અથાગ પ્રયત્નોથી મંદિરમાં લાઈટ તેમજ ટેલિફોન સુવિધાઓનું આગમન થઈ ચુક્યું છે. પાકા રસ્તાની પણ લગભગ તૈયારીઓ થઈ રહી છે. ટુંક સમયમાં સદર તિર્થ ધામે પાકો રસ્તો હશે જ એવી સત્તાવાળાઓએ ખાત્રી પણ આપી દીધી છે. સદર મંદિરમાં ભંડારા ભોજન અને પિકનીકનું આયોજન પણ થાય છે. લગભગ ૧૦૦૦ થી વધુ માણસો માટેના ભોજન અને પાણીની સુવિધાઓ પણ થાય છે. સદર મંદિરમાં પાણીની સુવિધા માટે દાતાઓના સહયોગથી પાણી માટે બોર, મોટર તેમજ પાણીના સ્ટોરેજ માટેની પણ સુવિધા ઉભી કરવામાં આવી છે. મંદિરની આગળ પાછળ સુંદર જગ્યા બનાવવામાં આવી છે જ્યાં બેઠકોની પણ સુવિધા કરવામાં આવી છે. મંદિરમાં પુજા/મહાપુજા તથા ધાર્મિક ક્રિયાઓનું આયોજન તહેવારો મુજબ કરવામાં આવે છે.

સદર તિર્થધામે જોવાલાયક સ્થળોમાં પહાડોની ઉપર એક ઐતિહાસિક જીર્ણ હાલતમાં લાલીયા લુહારનો કિલ્લો જે એક સુંદર પારસમણીની દંત કથા તેના હૃદયમાં છુપાવીને બેઠો છે. પાસે જ ધના દૈવીનું સુંદર સિંચાયનું સરોવર આવેલ છે. પહાડોની મધ્યમાં એક સુંદર પૌરાણીક ગુફા આવેલી છે. કુદરતી સૌદર્યથી ભરપુર એવુ આ સુંદર તીર્થ ધામ શ્રધ્ધાથી ધમધમી ઉઠે છે. અહીંયા કહેવાય છે કે સિધ્ધ પુરૂષોનું પણ આગમન થાય છે અને વર્ષના કોઈપણ દિવસે પહાડોમાં શંખ ધ્વનિ સંભળાય છે. જેની પાછળ એક ધાર્મિક હેતુ સમજવામાં આવે છે.

---



# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## જૂલાઈ મહિનાનો કાર્યક્રમ

આજના જમાનામાં જ્યારે યુવાન, વૃધ્ધ સૌને શરીર સૌષ્ઠવ ગમે છે. જેને માટે આજે ચારેબાજુ કંઈને કંઈ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. એરોબીક્સ, જોગીંગ, રનીંગ, સ્વીમીંગ તો સાથે સાથે ડાયેટીંગ અને બ્યુટીપાર્લરનો પણ ઘણો મોટો ફાળો છે.

બીજું અત્યારે ચાતુમાર્સ આવી ગયો છે. ઘણા ધર્મનુ નામ અને શરીરનું કામ એમ સમજી ઉપવાસ, એકટાણા શરૂ કરી દે છે. પણ આજનું વિજ્ઞાન સમજાવે છે કે આવા ઉપવાસ એકટાણા કરવાથી ફાયદો થવાને બદલે કદાચ નુકશાન વધારે થઈ જાય છે. તો આવો, આજે મહિલા મંડળના ઉપક્રમે ડૉ. અંજલીબેન મુકરજી જે ખૂબ જ જાણીતા ડાયેટીશયન છે જે ‘મીડ ડે’ ન્યુઝપેપરમાં કોલમ આપે છે. તેમને આમંત્રિત કર્યા છે જે આપણને ડાયેટિંગ વિશેનો ખરો ખ્યાલ આપી ચાતુર્માસ કેવી રીતે ગાળવો એ બતાવશે. એજ સાથે ડૉ. રેખાબહેન શેઠ જે જાણીતા Skin speacialist and beautician છે તેઓ પણ ઉપવાસ, એકટાણાથી આપણી ચામડીનું તેજ, કાંતિ હણાઈ ન જાય તેને માટે કેવી જાળવણી રાખવી એ આપણને સમજાવશે.

સાથે હેંગીગ ગાર્ડન સ્થિત W.I.A.A. Clubના Front Grill એ.સી. હોલનાં સુંદર વિધવિધ નાસ્તાની મહેફીલ માણવા તા. ૧૧ જુલાઈ શુક્રવાર તથા ૧૨ જુલાઈ શનિવાર બપોરના ૩.૩૦ થી ૬.૩૦` રૂા.૪૦/

- ભરી આપના પાસ ૨૭ જુને ૩ થી ૫ માં મંડળની ઓફિસમાંથી અથવા કોઈપણ કમીટીની બહેનો પાસેથી મેળવી શકશો. મર્યાદિત સંખ્યામાં લેવાના હોવાથી વહેલો તે પહેલો ધોરણે પાસ આપવામાં આવશે. રખે આવો લ્હાવો ચૂકતા નહી.

**સૂચના : ક્લબમાં એન્ટ્રી વખતે**

૧) તમારું આઈડેન્ટી કાર્ડ બતાવવુ જરૂરી છે.

૨) આઈડેન્ટી કાર્ડ પર તમારા ફોટા લગાડવા જરૂરી છે માટે જેણે ના લગાડયા હોય તેઓ જરૂરથી લગાડી દે.

૩) નવી મેમ્બરશીપ હવે ફક્ત સપ્ટેમ્બર મહિના સુધી જ લેવામાં આવશે. પછી મેમ્બર કરવામાં આવશે નહી.

**સ્થળ :**

W.I.A.A. Club
Front Grill
Hanging Garden
તા. ૧૧.૭.૨૦૦૩ તથી ૧૨.૭.૨૦૦૩
સમય : બપોરે ૩.૩૦ કલાક થી ૬.૩૦ કલાક

***- રત્ના કડકીયા***
***મહિલા વિભાગ સંયોજક***

---

## શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ, મુંબઈ

શ્રી જગન્નાથજીની યાત્રાએ આવવાનું જે લોકોનું કેંસલ થયું હોય તેઓને રવિવાર તા. ૨૨.૬.૨૦૦૩ના દિવસે સવારે ૧૦.૩૦ કલાકે સત્સંગ મંડળની રૂમ, અમૃતવાડી, વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ આવી પોતાની રસીદ સાથે લાવીને રીફંડના પૈસા લઈ જવા વિનંતિ છે.

***લી. નવનીતલાલ સી. પરીખ***
***(સરકાર)***

## શ્રી બાલાસિનોર ગ્રાહક સહકારી મંડલી. લી.
## 'વાર્ષિક સામાન્ય સભા'

આથી ઉપરોક્ત સંસ્થાના શેરહોલ્ડર બંધુઓને જણાવવામાં આવે છે કે સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા (હિસાબી વર્ષ ૧.૪.૨૦૦૩ થી ૩૧.૩.૨૦૦૩) તા. ૨૫.૭.૨૦૦૩ને શુક્રવાર સાંજે ૬.૩૦ કલાકે નીચેના સ્થળે રાખવામાં આવેલ છે.

**નોંધ**

૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા એજ તારીખે એજ સ્થળે અડધા કલાક બાદ મળશે.

૨) શેરહોલ્ડરે જાતે હાજર રહેવું. પ્રોક્ષી કે નોમીનીને હાજર રહેવા દેવામાં આવશે નહીં.

૩) જેઓ ગુજરી ગયા હોય, તેમના શેર ટ્રાન્સફર ન કરાવ્યા હોય તેઓએ આ સામાન્ય સભાની તારીખ પહેલાં ટ્રાન્સફર કરાવી લેવા યા સંસ્થાને પાછા આપી જવા.

૪) ''ડી.'' વોર્ડની બહાર રહેતા સભ્યોએ શેર પાછા આપી જવા યા ''ડી'' વોર્ડનું સરનામું કરાવવું.

**સ્થળ**

કોકણસ્થ (સં) વૈશ્ય સમાજ
૬, શેણવીવાડી, નવાકાલ પંથ,
ખાડીલકર રોડ, ગીરગાંવ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪

***લી. મંત્રીશ્રી***
***રમેશચંદ્ર મોહનલાલ દેસાઈ***
***ચંદ્રકાન્ત કોદરલાલ પરીખ***

## વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓપ. ક્રેડિટ.સો.લી.

૧) લોન લેનાર તથા ગેરંટરની જાણ ખાતર જણાવવાનું કે ધીરાણવા તથા રીકરીંગના ત્રણ હપ્તા ન ભરાતાં ધીરાણની રકમ એકી સાથે પાછી ભરપાઈ કરવી પડશે.

૨) વાડાસિનોર પ્રગતિ સમાજ કો.ઓપ.ક્રેડીટ સોસાયટીની જનરલ બોર્ડની મીટીંગ શ્રી રજનીકાંત કાન્તીલાલ કડકીઆ (ધરીવાલા)ના પ્રમુખ સ્થાને તા. ૨૬.૬.૨૦૦૩ ગુરૂવારના રોજ સાંજે ૭.૦૦ વાગે ગોકુલદાસ તેજપાલ ઓડીટોરીયમ, ગોવાલીયા ટેંક, મુંબઈ ખાતે રાખવામાં આવેલ છે.

આ મીટીંગમાં શેર-હોલ્ડર જ હાજર રહી શકશે

૩) જે સભ્યોએ ગ્રીન કાર્ડ કે જે ડીવીડન્ડ વોરંટ જોડે મોકલાવેલા તે ભરીને ન મોકલાવ્યા હોય તો તુરત જ ભરી મોકલી આપવા.

૪) ગીફ્ટ વોરંટ સંવત ૨૦૦૧-૨૦૦૨ની જનરલ મીટીંગમાં પાસ કરેલ મુજબ આપવાના શરૂ કરેલ છે. તો સૌ સભ્યોએ તે મેળવી લેવા.

૫) જે શેરહોલ્ડરો ૧૯૯૯-૨૦૦૦નું ડીવીડન્ટ ન મેળવ્યું હોય તેઓએ તા. ૧૫.૯.૨૦૦૩ પહેલાં મેળવી લેવા વિનંતી છે ત્યાર પછી રીઝર્વ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

રસીકલાલ રમણલાલ કડકીઆ

*ચેરમેન*

*પ્રવીણચંદ્ર પી. કડકીઆ*

*રજનીકાંત કાં. કડકીઆ (લટકારી)*

*સેક્રેટરી*

## શ્રી વાડાસિનોર નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ
## ૭૫ વર્ષ અને ૨૫ વર્ષ ઉજવણી પર્વ પ્રસંગે

અમારી ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની દાન માટેની જાહેર અપીલ જ્યોતિપુંજ જુલાઈ-૨૦૦૨, જાન્યુઆરી-૨૦૦૩માં આપેલી, તેને સુંદર પ્રતિસાદ મળ્યો છે. જે માટે અમો આપ સૌનો હાર્દિક આભાર માનીએ છીએ.

તા. ૨૬.૫.૨૦૦૩ સુધી નોંધાયેલા દાન માટેના વચનોની યાદી જેમાંથી જ્યોતિપુંજ ફેબ્રુઆરી ૨૦૦૩માં જેનાં નામ આવી ગયાં છે એ નામ ફરીથી ન લખતાં, ત્યાર પછીના એટલે કે ૧૧.૧.૨૦૦૩ થી ૨૬.૫.૨૦૦૩ સુધીનાં નામો નીચે મુજબ છે.

(A)

૧) રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ તારાબહેન કાંતીલાલ ધારીઆ (લાલખાં)
હસ્તે પુત્રો પંકજભાઈ તથા રશ્મીભાઈ તરફથી
(આ અગાઉ પંકજભાઈ કાંતીલાલ ધારીઆ (લાલખાં) ના નામે જે એક લાખ હતો તેમાં બીજાં દોઠ લાખનો ઉમેરો)

૨) રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ મજુંલાબેન શાંતીલાલ ભીખાલાલ મહેતા (ધરીવાલા)

૩) રૂા. ૨,૫૦,૦૦૦.૦૦ એક સદગૃહસ્થ તરફથી

(B)

૧) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર મોદી તથા શ્રીમતી ઈલાબેન નીરંજનભાઈ મોદી

૨) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રીમતી મીનાક્ષીબહેન રાજેન્દ્રકુમાર કીર્તનલાલ દેસાઈ (લાટવાળા)

૩) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રી કાંતીલાલ સાંકરલાલ મહેતા (લેડી) હસ્તે મોહીતભાઈ

૪) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રી જ્યોતિવદન ઓચ્છવલાલ શેઠ

૫) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રી કીરણકુમાર બાબુલાલ દોશી

૬) રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ શ્રીમતી તારાબેન મોહનલાલ કડકીઆ (મરઘા)

૭)રૂા. ૧૦,૦૦,૦૧.૦૦ શાહ ચીમનલાલ લલ્લુભાઈ હાથીખાનાવાળા ફાઉન્ડેશન

૮)રૂા.૧૦,૦૦,૦૦.૦૦ બાબુલાલ મણીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

૯)રૂા.૧૦,૦૦,૦૦.૦ અરવિંદકુમાર ચીમનલાલ પરીખ (દુધવાળા)

૧૦)રૂા. ૧૦,૦૦,૦૦.૦૦ કીર્તનલાલ પુરસોત્તમદાસ દેસાઈ (પડાલવાળા)

(C)

૧) રૂા.૫૧,૦૦૦.૦૦શ્રી વિજયભાઈ ઓચ્છવલાલ કડકીઆ

૨) રૂા. ૫૧,૦૦૦.૦૦શ્રી અજયભાઈ નટવરલાલ શાહ (નગર શેઠ)

૩)રૂા. ૫૧,૦૦૦.૦૦શ્રીમતી કોકીલાબેન રસીકલાલ મોદી (દેવ)

૪)રૂા. ૫૧,૦૦૦.૦૦શ્રીમતી નંદીની દીપકકુમાર શાહ (જાટ)

૫)રૂા. ૩૧,૦૦૦.૦૦શ્રીમતી કુસુમબેન અને રસીકલાલ લાકડાવાળા ચે. ટ્રસ્ટ

(D)

૧) રૂા. ૨૫,૦૦૦.૦૦શ્રી ગોપાલદાસ બાબુલાલ કડકીઆ (મેઘલીયાવાળા)

૨) રૂા. ૨૫,૦૦૦.૦૦શ્રી શૈલેષભાઈ કાંતીલાલ ધારીઆ

૩)રૂા. ૨૫,૦૦૦.૦૦શ્રી સુનીલકુમાર વિનોદચંદ્ર શાહ (વડોદરાવાળા)

૪)રૂા. ૧૧,૦૦૦.૦૦શ્રીમતી સુરબાળા કીર્તનલાલ ધારીઆ

૫)રૂા. ૧૧,૦૦૦.૦૦શ્રી હરેશકુમાર જેઠાલાલ શાહ (બરોડા)

૬) રૂા. ૧૧,૦૦૦.૦૦શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા)

*શ્રી જતીન ન. દેસાઈ*
*શ્રી યોગેશ આર. ધારીઆ*
*માનદ્ મંત્રીઓ*

# પ્રશ્ન

*આ જીંદગી દીધી પ્રભુએ પ્રશ્ન આવી ને ઉભો*
*તેને સફળ કરવી કે નિષ્ફળ ઉત્તર તેનો ના દીધો*
*માગ્યા વગર અગણિત ખજાનો મેળવીને તેં લીધો*
*સત્કર્મ ને વર્તન દ્વારા દીપાવીને તેં દીધો*
*આશય તેનો સ્વાર્થ તેનો કળવો મુશ્કેલ છે*
*ઉપકાર માની સંસ્કારથી ઉજાળવાનો ધર્મ છે*
*ધ્યેય રાખી પ્રગતિના સોપાન પર તેં પગ દીધો*
*શ્રધ્ધા જેણે છે જતાવી દિલમાં દીવો કીધો*
*ગુણ તેના ગાઉં હું આભાર હું દિલથી ચાહું*
*ભાવના અભિવ્યકત કરીને ઋણથી હું મુક્ત થાઉં*
*સેવા સુમિરન ભક્તિથી તેની હું નજદીક કરું*
*શરણું સ્વિકારી તે પ્રભુને મારગડે હું પગ ધરું*
*જીંદગીનો અંત મૃત્યુ નિશ્ચિત છે તે ક્રમ જેનો*
*શિર નમાવી હાથ જોડી સ્વિકાર તેનો મેં કીધો.*

***- પ્રવિણા અવિનાશ લટકારી***
***(અમેરીકા)***

# શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ

વાડાસિનોર દશાનીમા વણિક જ્ઞાતિના પ્રથમ પ્રયાસે પાસ થનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને પ્રતિવર્ષ મંડળ તરફથી નીચે પ્રમાણે નિયત કરેલ પારિતોષિકો/મેરીટ સ્કોલર શીપ્સ તેમજ આશ્વાસન ઈનામો આપનામાં આવે છે.

## ન્યાસ ફંડ અને પારિતોષકો

| ન્યાસ ફંડનું નામ | અભ્યાસક્રમ | | પારિતોષિક રકમ |
|---|---|---|---|
| ૧. સ્વ. અમૃતલાલ મોતીચંદ કડકીયા | S.S.C. | | ૬૦૧/- |
| ૨. સ્વ. સાંકરલાલ છોટાલાલ ગાંધી (કલકત્તાવાળા) | S.S.C. Merit Scholarship | | ૬૦૧/- |
| ૩. સ્વ. રવિકાંત સાંકરલાલ શાહ (કડુજી) | I.C.S.E. | | ૬૦૧/- |
| ૪. સ્વ. ચંદનબેન ચંદુલાલ પરીખ (વોરા) | I.C.S.E. Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૫. શ્રીમતી કુમુદબેન નવીનચંદ્ર પરીખ (બખલી) | C.B.S.E. | | ૬૦૧/- |
| ૬. સ્વ. ચંદુલાલ અમૃતલાલ પરીખ (વોરા) | C.B.S.E. Merit Sholarship | | ૧,૧૦૧/- |
| ૭. શ્રીમતી લલિતાબેન ચંદુલાલ દેસાઈ | F.Y.J.C. (Arts) | | ૬૦૧/- |
| ૮. સ્વ. મહેન્દ્રકુમાર ઓચ્છવલાલ ધારીયા (મુછારી) | F.Y.J.C. (Arts) | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૯. સ્વ. નેવીલ અજયકુમાર નટવરલાલ પરીખ | F.Y.J.C. (Commerce) | | ૬૦૧/- |
| ૧૦. સ્વ. ચંદનબેન રમણલાલ દેસાઈ | F.Y.J.C. (Com.) | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૧૧. સ્વ. જશવંત મંગળદાસ ધારીયા (માટલી) | F.Y.J.C. (Sci) | | ૬૦૧/- |
| ૧૨. સ્વ. મુળજીભાઈ છગનલાલ પરીખ (બખલી) | H.S.C. (Arts) | | ૬૦૧/- |
| ૧૩. સ્વ.કીરતનલાલ લલ્લુભાઈ કડકીયા (ધંગેલા) | H.S.C. (Arts) Merit Scholarship | | ૮૫૧/- |
| ૧૪. સ્વ. મૃદુલા મોજીલાલ શાહ (કડુજી) | H.S.C. (Arts) | દ્વિતીય | ૫૦૧/- |
| | | તૃતીય | ૩૦૧/- |
| ૧૫. મેસર્સ દીપક ઈલેકટ્રીક કોર્પોરેશન | H.S.C. (Science) Medical | | ૬૦૧/- |
| ૧૬. સ્વ. બાબુલાલ સાંકરલાલ કડકીયા (બેરા) | H.S.C. (Science) Medical Merit Scholarship | | ૮૫૧/- |
| ૧૭. સ્વ. પ્રવિણચંદ્ર મણીલાલ શાહ (ઝાટ) | H.S.C. (Science) Eng. | | ૬૦૧/- |
| ૧૮. સ્વ. નીતાબેન મયુરકુમાર શાહ (ગુંથરીવાળા) | H.S.C. (Science) Eng. Merit Scholarship | | ૮૫૧/- |
| ૧૯. સ્વ. સુરેન્દ્ર શાંતિલાલ શાહ (ગુંથરીવાળા) | H.S.C. (Science) Eng. | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |

| | | | |
|---|---|---|---|
| ૨૦. શ્રી કાંતીલાલ ચંદુલાલ મોદી | H.S.C. (Commerce) | | ૬૦૧/- |
| ૨૧. અ.સૌ. રાગિણી પ્રતિક્ષ શાહ (ઝાટ) | H.S.C. (Comm.) Merit Sholarship | | ૮૫૧/- |
| ૨૨. સ્વ. મગનલાલ નાથજીભાઈ શાહ (ગુંથરીવાળા) | H.S.C. (Commerce) | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૨૩. શ્રીમતી કમળાબેન નટવરલાલ દેસાઈ | H.S.C. (Common) | | ૬૦૧/- |
| ૨૪. સ્વ. રતીલાલ સાંકરલાલ શાહ (વસનજી) | H.S.C. (Common) | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૨૫. સ્વ. શારદાબેન બાબુલાલ શાહ (પડાલવાળા) | F.Y.B.A. | | ૬૦૧/- |
| ૨૬. શ્રીમતી મણીબેન વલ્લભદાસ ગાંધી | F.Y.B.A. | દ્વિતીય | ૪૦૧/- |
| હસ્તે : જયેન્દ્ર વલ્લભદાસ ગાંધી | | તૃતીય | ૨૦૧/- |
| ૨૭. શ્રીમતી કમળાબેન કાંતિલાલ કડકીયા (હાલોલવાળા) | S.Y.B.A. | | ૬૦૧/- |
| ૨૮. સ્વ. રમણલાલ ચંદુલાલ કડકીયા | S.Y.B.A. | દ્વિતીય | ૪૦૧/- |
| બીન ભાઈચંદ હસ્તે દેવેન્દ્રભાઈ | | તૃતીય | ૨૦૧/- |
| ૨૯. શ્રીમતી તારાબેન ઓચ્છવલાલ પ્રા.પરીખ | B.A. | | ૬૦૧/- |
| ૩૦. શ્રીમતી સુશીલાબેન નટવરલાલ પરીખ (વોરા) પરિવાર | B.A. Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૩૧. શ્રીમતી કોકિલાબેન મધુસુદન કડકીયા (ફાડિયા) | B.A. | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૩૨. ગં.સ્વ. ગીરજાબેન ચંદુલાલ ગાંધી (કલકત્તાવાળા) | F.Y.B.Com. | | ૧૦૧/- |
| ૩૩. શ્રી કાંતીલાલ લાલચંદ દોશી | S.Y.B.Com. | | ૬૦૧/- |
| ૩૪. શ્રીમતી કુસુમબેન ગોકલદાસ ગાંધી | S.Y.B.Com. | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૩૫. સ્વ. સાંકરલાલ મગનલાલ શાહ (વસનજી) | B.Com. | | ૬૦૧/- |
| ૩૬. શ્રીમતી કોકીલાબેન દિલીપકુમાર ધારીઆ (દલાલ) | B.Com. Merit Scholarship | | ૮૫૧/- |
| ૩૭. સ્વ. રસીકલાલ ચીમનલાલ પરીખ | F.Y.B.Sc. | | ૬૧૦/- |
| ૩૮. સ્વ. બબલીબેન કાંતીલાલ પરીખ (બંગાળી) | S.Y.B.Sc. | | ૬૦૧/- |
| ૩૯. સ્વ. ઈલાબેન ભીખાલાલ કડકીયા | B.Sc. | | ૬૦૧/- |
| ૪૦. શ્રીમતી મધુરીબેન નટવરલાલ પરીખ (ડાબલી) | B.Sc. Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૪૧. શ્રીમતી તારાબેન મોહનલાલ દેસાઈ (કાથાવાળા) | B.Sc. Home Science | | ૬૦૧/- |
| ૪૨. શ્રી મોહનલાલ સાંકરલાલ દેસાઈ (કાથાવાળા) | B.Sc. Physiotheraphy | | ૬૦૧/- |
| ૪૩. સ્વ. દીનકરલાલ રતીલાલ પરીખ | L.L.B. | | ૬૦૧/- |
| ૪૪. શ્રી ઓચ્છવલાલ મુળજીભાઈ શાહ (શહેરાવાળા) | L.B. Merit Scholarship | | ૧,૧૦૧/- |

| | | | |
|---|---|---|---|
| ૪૫. સ્વ. લાલચંદ રમણલાલ શેઠ (અત્તરવાલા) | B.E. (Civil) | | ૧૦૧/- |
| ૪૬. શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીયા (ધરીવાલા) | B.E. (Civil) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૪૭. શ્રી કીર્તનલાલ લાલચંદ દોશી | B.E. (Mechanical) | | ૬૦૧/- |
| ૪૮. સ્વ. છોટાલાલ મગનલાલ મોદી તથા સ્વ. મહાલક્ષ્મીબેન છોટાલાલ મોદી (વાળદવાળા) | B.E. (Electrical) | | ૧૫૧/- |
| ૪૯. સ્વ. પ્રવીણાબેન દિલીપકુમાર ધારીઆ (લાલખા) | B.E. (Chemical) | | ૬૦૧/- |
| ૫૦. સ્વ. હીરાલાલ જેઠાલાલ ગાંધી | B.E. (Chemical) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૫૧. સ્વ. કમળાબેન કીર્તનલાલ ધારીઆ | F.Y.B.E. (Chemical) | | ૬૦૧/- |
| ૫૨. શ્રી રસીકલાલ મણીલાલ લાકડાવાલા | B.E. (Computer) | | ૬૦૧/- |
| ૫૩. સ્વ. ઈચ્છાબેન ચંદુલાલ ધારીઆ તથા સ્વ. કમળાબેન મોહનલાલ ધારીઆ | B.E. (Computer) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૫૪. સ્વ. મણીબેન મુળજીભાઈ દેસાઈ | F.Y.B.E. (Computer) | | ૬૦૧/- |
| ૫૫. શ્રીમતી કુસુમબેન રસીકલાલ લાકડાવાલા | B.E. (Electronics) | | ૬૦૧/- |
| ૫૬. શ્રી કીર્તનલાલ નાથજીભાઈ ધારીઆ | B.E. (Electronics) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૫૭. શ્રીમતી ચંદનબેન નાથજીભાઈ ધારીઆ | B.E.(Electronics) | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૫૮. શ્રી બાબુલાલ સાંકરલાલ પરીખ | B.E. (Plastics) | | ૬૦૧/- |
| ૫૯. શ્રીમતી લીલાવતી નવનીતલાલ શાહ (ખડગોધરાવાળા) | B.E. (Plastics) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૬૦. સ્વ. મહાલક્ષ્મીબેન સાંકરલાલ કડકીયા | B.E. (Digital) | | ૬૦૧/- |
| ૬૧. સ્વ. જયાબેન ભીખાલાલ પરીખ (રોકડીયા) | B.E. (Digital)Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૬૨. શાહ ચીમનલાલ લલ્લુભાઈ (હાથીખાનાવાળા) ફાઉન્ડેશન | B.E.(Archi) Merit Scholarship | | ૧,૧૦૧/- |
| ૬૩. સ્વ. સરસ્વતીબહેન મણીલાલ પરીખ (ડાબલી) | B.E. (Production) | | ૬૦૧/- |
| ૬૪. શ્રી પંકિલ નીશીથ ધારીયા (દલાલ) | B.E. (Production) Merit Sholarship | | ૧,૧૦૧/- |
| ૬૫. સ્વ. રજનીકાંત મણીલાલ કડકીયા (મરઘા) | B. Pharma | | ૬૦૧/- |
| ૬૬. સ્વ. રસીકલાલ ચીમનલાલ પરીખ | M.A. | | ૬૦૧/- |
| ૬૭. શ્રીમતી કુસુમબેન જયંતીલાલ શાહ (કડુજી) | M.Com. | | ૬૦૧/- |
| ૬૮. સ્વ. ચંચળબેન મગનલાલ શાહ (ગુંથરીવાળા) | M.Com. | દ્વિતીય | ૪૦૧/- |
| | | તૃતીય | ૨૦૧/- |
| ૬૯. શ્રી જયંતીલાલ સાંકરલાલ શાહ (કડુજી) | M.Sc. | | ૬૦૧/- |
| ૭૦. સ્વ. નટવરલાલ ગડબડદાસ દેસાઈ | F.Y.M.B.B.S. | | ૬૦૧/- |

| | | |
|---|---|---|
| ૭૧. શ્રીમતી કલાવતીબેન કાંતીલાલ દોશી | S.Y.M.B.B.S. | ૧૦૧/- |
| ૭૨. સ્વ. બિપીનકુમાર મોહનલાલ મોદી (દેવ) | M.B.B.S. | ૬૦૧/- |
| ૭૩. સ્વ.મણીબેન મણીલાલ શેઠ | M.B.B.S. Merit Scholarshp | ૧,૧૦૧/- |
| ૭૪. સ્વ. ગીરજાબેન સાંકરલાલ શાહ (વસનજી) | M.D. | ૬૦૧/- |
| ૭૫. શ્રી નવીનચંદ્ર મુળજીભાઈ પરીખ (બખલી) | M.S. | ૬૦૧/- |
| ૭૬. સ્વ. ચંદનબેન ચંદુલાલ પરીખ (તાતીયા) | B.H.M.S. (હોમીયોપેથી) | ૬૦૧/- |
| ૭૭. શ્રીમતી અરૂણાબેન નવીનચંદ્ર કડકીયા (ધંગેલા) | B.D.S. | ૬૦૧/- |
| ૭૮. શ્રીમતી ચંદનબેન ઓચ્છવલાલ શાહ (શહેરાવાળા) | B.D.S. Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૭૯. શ્રી જયંતીલાલ મગનલાલ શાહ (ગુથંરીવાળા) | M.D.S. | ૬૦૧/- |
| ૮૦. સ્વ. સાવિત્રીબેન નવનીતલાલ ધારીઆ (દલાલ) | C.A. Foundation | ૬૦૧/- |
| ૮૧. સ્વ. મણીલાલ કડુજી શાહ | C.A. | ૬૦૧/- |
| ૮૨. શ્રીમતી કલાવતીબેન ચતુરલાલ દેસાઈ (વકીલ) | C.A. Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૮૩. શ્રીમતી લીલાબેન પ્રવીણચંદ્ર કચેરીઆ | Cost Accountancy | ૬૦૧/- |
| ૮૪. સ્વ. કમળાબેન મણીલાલ લાકડાવાલા | M.B.A. | ૬૦૧/- |
| ૮૫. સ્વ. મણીલાલ ચંદુલાલ પરીખ (અઘોળી) | DEC/DME/DEE | ૬૦૧/- |
| ૮૬. સ્વ. શાંતાબેન બાબુલાલ પરીખ (રોકડીયા) | Ph.D. | ૬૦૧/- |
| ૮૭. શ્રી રસીકલાલ મણીલાલ લાકડાવાલાના પૌત્રો-માનવ, આશિષ, હર્ષ અને નીલ | આશ્વાસન પારિતોષિક | ૧૫૧/- |

## ટ્રસ્ટને મળેલ પારિતોષકો માટેના ન્યાસફંડોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી મણીબેન મુળજીભાઈ પરીખ | S.S.C. | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૨. | સ્વ. ચંદનબેન વલ્લભદાસ ધારીઆ | F.Y.B.Com. | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૩. | સ્વ. ઈંદીરાબેન સતીશચંદ્ર પરીખ (રોકડીયા) | B.Com. | ૫૦૧/- |
| | | | ૩૦૧/- |
| ૪. | શ્રી બિપીન ચીમનલાલ મોદી (ઠાસરાવાળા) | Ph.D. Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૫. | સ્વ. શાંતાબેન બાબુલાલ શાહ (વસનજી) | C.S. | ૬૦૧/- |
| ૬. | શ્રીમતી અંજુબેન જગદીશચંદ્ર ધારીઆ | M.Com. Merit Scholarship | ૧.૧૦૧/- |

## ટ્રસ્ટને મળેલ પારિતોષકો માટેના ન્યાસફંડોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | મેસર્સ સુરેશ ઈલેકટ્રીક કોર્પોરેશન | I.C.S.E. | ૪૦૧/- |

| | | | |
|---|---|---|---|
| | | | ૨૦૧/- |
| ૨. | મેસર્સ જયપ્રકાશ બ્રધર્સ | C.B.S.E. | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૩. | શ્રીમતી કલાવતીબેન રમણલાલ પરીખ | H.Sc. (Sci) Medical | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૪. | શ્રીમતી કોકિલાબેન રસીકલાલ મોદી (દેવ) | H.Sc. Common Merit Scholarship | ૧૧૦૧/- |
| ૫. | શ્રી વિજય મોહનલાલ દેસાઈ | B.E. (Civil) | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૬. | સ્વ. હરજીવનદાસ લક્ષ્મીદાસ ગાંધી | B.E. (Elec) Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૭. | સ્વ. જયાબેન ભીખાલાલ પરીખ (રોકડીયા) | B.E. (Computer) | ૫૦૧/- |
| | | | ૩૦૧/- |
| ૮. | સ્વ. બાબુલાલ સાંકરલાલ શાહ (વસનજી) | C.F.A. | ૬૦૧/- |
| ૯. | શ્રી વિનોદચંદ્ર ચીમનલાલ કડકીયા (ટોકરશી) | M.D. MeritScholarship | ૧,૧૦૧/- |
| ૧૦. | શ્રી સતીશચંદ્ર નટવરલાલ કડકીયા | F.Y.J.C. (Science) | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૧૧. | શ્રી અજીતકુમાર કાંતિલાલ ચાંદીવાલા | B.E. (Electrical) | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૧૨. | શ્રીમતી સદગુણબેન નવનીતલાલ દેસાઈ | M.S. Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૧૩. | સ્વ. હિતેશ પ્રવીણચંદ્ર ધારીઆ (લાલખા) | B.E. (Computer) | ૪૦૧/- |
| | | | ૨૦૧/- |
| ૧૪. | શ્રી સતીશકુમાર નટવરલાલ કડકીયા | S.Y.B.E. (Electronics) | ૬૦૧/- |
| ૧૫. | શ્રીમતી મીનાબેન સતીશકુમાર કડકીયા | S.Y.B.E. (Computer) | ૬૦૧/- |
| ૧૬. | શ્રી કુનાલ અસીત ધારીયા (દલાલ) | F.Y.B.E. (Electronics) | ૬૦૧/- |
| ૧૭. | શ્રીમતી તારાબેન મગનલાલ શાહ (ગુંથરીવાળા) | B. Architect | ૬૦૧/- |

## ટ્રસ્ટને મળેલ પારિતોષકો માટેના ન્યાસફંડની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી હસુમતીબેન કનુભાઈ ગાંધી | B.E. (Mech) Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૨. | સ્વ. દિલીપકુમાર કીરતનલાલ મહેતા (ધરીવાલા) | M.S. Merit Scholarship | ૧,૧૦૧/- |
| ૩. | સ્વ. મૃદુલા મોજીલાલ શાહ (કડુજી) | B.E. (Chemical) | ૫૦૧/- |
| | | | ૩૦૧/- |

# પથ્થરોમાં કુદરતે કંડારેલી પૌરાણિક ગાથાઓ

પંચમહાલ જિલ્લાની સરહદે અડીને આવેલા ખેડા જિલ્લાનો બાલાસિનોર તાલુકો ઐતિહાસિક રીતે મહત્તવ ધરાવતો તાલુકો છે. પ્રકૃતિની ગોદમાં ત્રણ બાજુ આવેલ ડુંગર અને પથ્થરો વચ્ચે સ્વતંત્ર રેવન્યુ વિસતાર ધરાવતું નાનકડું કરણપુર ગામ બાલાસિનોરથી માત્ર ૩ કિ.મી. દૂર આવેલ છે. કરણપુર ગામ અને તેની આસપાસ વિશાળ કાય શિલાઓથી ઘેરાયેલ વિસ્તારને નાના-નાના ડુંગરો વચ્ચે ઊભેલો માનવી કુદરતના મનમોહક સાનિધ્યમાં ઘડીભર આલહાદક આનંદમાં તરબોળ થઈ જતો જણાય છે. ભર ઉનાળામાં સૂર્યતાપથી ગરમ માનવી કુદરતના મનમોહક સાનિધ્યમાં ઘડીભર આલહાદક આનંદમાં તરબોળ થઈ જતો જણાય છે. ભર ઉનાળામાં સૂર્યતાપથી ગરમ માનવી કુદરતના મનમોહક સાનિધ્યમાં ઘડીભર આલહાદક આનંદમાં તરબોળ થઈ જતો જણાય છે. ભર ઉનાળામાં સૂર્યતાપથી ગરમ શિલાઓ ઉપર ઊભો રહેલ માનવી મંદ મંદ પવન, ઊંચી ડુંગરો પરની શિલાઓ પરથી દેખાતું વાડશોલ ગામ અને કરણપુરનો આસપાસનો વિસ્તાર તેમજ ભીમનાથ મહાદેવના ઝરુખામાંથી દેખાતા ગોપેશ્વર મહાદેવ, કેદારેશ્વર મહાદેવ, દેવગીરીશ્વર (દેવડુંગરીયા) મહાદેવના થતા દર્શન માનવીના મનમાં અનાયાસે જ ધાર્મિક ભાવ પેદા કરે છે.

- **બાલાસિનોર તાલુકાના કરણપુર ગામે 'કહાની પથ્થરોકી'**
- **પથ્થરોના વિવિધ આકારો સાથે વિવિધ કથાઓ વણાઇ**
- **પાંડવાના સમયને જીવંત બનાવતી પથ્થરોની લોકકહાનીઓ**

ડુંદગરની તળેટીમાં વસેલા કરણપુર અંગે પોતાના વિચારો વ્યક્ત કરતા શનાભાઈ વણકર જણાવે છે કે, ભારતનાં પ્રાચીન મહાકાવ્ય મહાભારતના ઈતિહાસમાં ડોકિયું કરતા જણાય છે કે, સૂર્યમાંથી ઉત્પન્ન થયેલ કુંતુપુત્ર કર્મના નામ પરથી કર્ણપુર નામ પડયું હોય તેવી આ વિસ્તારની લોકવાયકા છે, જે કર્ણપુર ગામ અપભ્રંશં થતા કરણપુર નામ પડયુ હશે તેમ મનાય છે.

કરણપુરની આસપાસ આવેલ ભીમભરમડાનો ડુંગર અને તેની નજીક આવેલ કાંગરવેલુના પથ્થરો વિરપુર રોડ પરથી પસાર થતા વાહનમાંથી આ વિશાળકાય એકબાજુ નમી પડેલા પથ્થરો જોતા એમ લાગે કે હમણાં જ ગબડી પડશે, પરંતુ હજારો વર્ષ પછી પણ આ પથ્થરો એની એ જ પરિસ્થિતમાં જોવાય છે તે જ મોટું આશ્ચર્ય છે.

ભીમભમરડાના ડુંગરમાં ફરતા કેટલીક રસપ્રદ માહિતી જાણવા મળી છે. આ અંગે બાલાસિનોરના દેવદતભાઈ ત્રિવેદી તથા કરણપુરના શનાભાઈ મેઘાભાઈ વણકર પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર મહાભારતના સમયમાં બાલિનસોર સહિત ગુજરાતનો કેટલોક વિસ્તાર 'હેડંબા વન' તરીકે ઓળખાતો હોવાનું માનવામાં આવે છે. આજથી આશરે એકસો બે વર્ષ ઉપર પ્લેગની મહામારી બિલાડી જેટલા મોટા ઊંદરોથી ફેલાઈ હતી. તે સમયે બાલાસિનોરની વસ્તી માંડ માંડ આશરે પાંચથી છ હજાર જેટલી ગણાતી હતી. પ્લેગના રોગથી બચવા બાલાસિનોર નગરના કેટલાક પ્રજાજનો સ્થળાંતર કરી ભીમભરડાના ડુંગરના વિસ્તારમાં ગયા હતા. લગભગ છ માસ જેટલો સમય ત્યાં પસાર કર્યો હોવાનું મનાય છે. આ દરમ્યાન ભીમભરડા ડુંગરના સૌથી મોટા પથ્થર ઉપર શિવલિંગ સ્થાપિત કરી નાનકડું મહાદેવ બનાવ્યું અને જન્માષ્ટમીના દિવસે લોકમેળા જેવો ઉત્સવ ઉજવ્યો. જો કે કેટલાક લોકો નજીક આવેલ દેવડુંગરીયા

ડુંગરે પણ ગયા હતા અને કાચા મકાનો-છાપરા બાંધી રહ્યા હતા. આમ છપ્પનીયા સમયથી એટલે આશરે એંસસોથી વધુ વર્ષથી ભીમભરડાનું ભીમનાથ મહાદેવ હોવાનું અને તે સમયની જન્માષ્ટમીનો મેળા-ઉત્સવ ઉજવવાની લોકવાયકા છે. 'હિંડબાવન' તરીકે ઓળખાતા આ વિસ્તારમાં પાંડવોએ વનવાસ કર્યો હોવાનું પણ અનુમાન છે. કારણ કે, આ ડુંગરમાં આવેલ વિશાળકાય પથ્થરોના કેટલાક વિવિધ આકારો પાંડવાનો કદાવર અને શક્તિશાળી ભીમસેન સાથે બંધબેસતા હોવાથી આ વિસાતરને ભીમભરડા વિસ્તાર કહેવાય છે. આવી કેટલીક વિશાળકાય શિલાઓને 'કલાડુ' ખાંડણીઓ, 'ભમરડો', 'મેડક શિલા', 'ઘોડાશાળા' જેવા નામથી અત્યારે ઓળખાય છે. જે આ મુજબ છે.

**કલાડું :** મોટામસ ત્રણ પથ્થરની ઉપર પહોળો વિશાળકાય ચપટો પથ્થર ગોઠવાયેલા જોવાય છે. તેને જોવા જવા માટે પગથિયા પણ બનાવેલા છે. આને ભીમસેન કલાજું (તવો) કહેવામાં આવે છે. આ પથ્થર હજારો ટનના વજનનો જણાય છે.

**ખાંડણીયો :** એક સપટ પથ્થર ઉપર ઉંડો ખાડાવાળો પથ્થર દેખાય છે. જો કે, અત્યારે પથ્થરની આસપાસ ઝાડ-ઝાંખર દેખાય છે. દૂરથી જોતા તે મોટો ખાંડણીયો લાગે છે. આને ભીમસેનનો ખાંડણીયો તરીકે લોકો ઓળખે છે.

**ભમરડો :** ભીમભમરડા નજીક આવેલ કાંગરવેલું વિસ્તારમાં એક સપાટ પથ્થર ઉપર વિશાળ ભણરડાના આકારનો આશરે નવથી બાર ફૂટ ઉંચો અણીદાર આકારનો ભારે વજનદાર પથ્થર માત્ર એક જ અણીના ટેકાથી ટેકવાયેલો છે. આ પથ્થર દૂરથી આબેહૂબ ભમરડો જ જણાય છે. આવા વજનદાર ભમરડાને ભીમનો જ ભમરડો કહેવાય.

**મેડકશિલા :** બે વિશાળ પથ્થર શિલાઓ ઉપર દેડકાના આકારનો પથ્થર ટેકવાયેલો સ્પષ્ટ જણાય છે. દેડકાના આકારનો પથ્થર હોવાથી આને મેડકશિલા કહે છે. મેડકશિલાની આસપાસ વિશાળ પથ્થરો જોવા મળે છે.

**ઘોડાશાળા :** ભીમભરડા (ભીમનાથ) મહાદેવ ખૂબ જ વિશાળ અને હજારો ટનના પથ્થર ઉપર આવેલ છે. આ પથ્થરની નીચેનો ભાગ ઝરુખા જેવો કે પાયગા જેવો જણાય છે. આ વિશાળ પથ્થરની નીચે ઘોળા બાંધવાની પાયગા કે ઢોર બાંધવાની ગમણા હોય તેવો અહેસાસ થાય છે આને ઘોડાશાળ કહેવામાં આવે છે.

**ભીમનાથ (ભીમભરડા) મહાદેવ :** હજારો ટનના વિશાળ એક પથ્થર પર નાનકડું મહાદેવ આવેલું છે. આશરે સૌ ઉપરાંત વર્ષ પુરાણું હોવાનું જણાય છે. અહીં શિવજીના દર્શને આવનાર વ્યક્તિને પગદંડીનો રાસ્તો કાપ્યા છે પછી થોડું કષ્ટ સહન કર્યા બાદ શિવજીના દર્શનનો લાભ મળે છે.

જો કે, પથ્થરમાંથી કોતરી પગથિયા બનાવ્યા છે ભીમભમરડા મહાદેવના ઝરુખામાંથી વાડશોલની સાથે સાથે ગોપેશ્વર મહાદેવ, કેદરાશ્વેર મહાદેવ, દેવડુંગરીયા મહાદેવના દર્શનની સાથેસાથે કુદરતી સૌદર્યનું સાનિધય માણવું એ એક લહાવો છે.

અંતમાં તસવીરો અને વિગતો જોતા રાજ્યના પુરાત્વ ખાતાએ આ વિસાતરની મુલાકાત લઈ રસ લે તો ઐતિહાસિક વારસા વિશે પ્રકાશ પડે તેવું પ્રજાનું માનવું છે. દૂરથી રમણીય દેખાતા આ વિશાળકાય પથ્થરો અને કુદરતી સાનિધ્ય ફિલ્મ અને ટીવી સિરિયલોના શૂટીંગ માટે પણ ઉપયોગી બને તેમ છે.

*સૌજન્ય : શ્રી પ્રવીણ જે. સેવક :*

*સંદેશ ૨૩-૪-૨૦૦૩ (બુધવાર)*

**'ડુંગર દૂરથી રળિયામણાં' ઉક્તિ સાચી કરે... પથ્થરોને દૂરથી જોતા વિવિધ આકારો આનંદ ઉપજાવે**
**- ભમરડા જેવા આકારનો પથ્થર એ ભીમનો ભમરડો....કથા વણી લીધી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

1. Patrawala Juzer Jakiyauddin
   Pandhri Niwas, 3rd Floor, R.No. 302,
   Opp. Bhora Masjid, Anand Koliwada,
   Mumbra - (Dist.) Thane.Pin: 400612
2. Dharmesh S. Parikh
   D-70/Bhoomi Enclaves
   Mahavir Nagar (Dahanukar wadi)
   Kandivali (west),
   Mumbai-400067.

## લગ્ન નોંધ

આશિષ અશ્વિનકુમાર ગાંધી (મુંબઈવાલા)
જયશ્રી કૈલાશચંદ્ર અગ્રવાલ

## તેજસ્વી તારલાં

Business & Financeની વિશ્વની પ્રથમ પાંચ સ્કુલોમાંની એક એવી અમેરિકાની CARNEGIE MELLON UNIVERSITY PITTSBURGHમાંથી શ્રી નીરવ કીરીટ કડકીઆએ (મલમ) MBA Financeની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેઓને સંસ્થા તરફથી અભિનંદન.

## નવા ફોન નંબર

જયકુમાર મોહનલાલ મહેતા
✆ : ૨૩૫૧૫૧૨૪ / ૨૩૫૨૧૩૫૪

## મૃત્યુ નોંધ

| | | ઉ.વ. |
|---|---|---|
| ૧ | શાહ કલાબેન કીરતનલાલ | ૭૧ |
| ૨ | શાહ શાંતાબેન નટવરલાલ (ઉજડાવાળા) | ૭૮ |
| ૩ | શાહ નીતા કમલેશ (વડોદરાવાળા) | ૪૪ |
| ૪ | શાહ કીરતનલાલ મોહનલાલ (મલમ) | ૮૦ |
| ૫ | પરીખ મંગળદાસ ચંદુલાલ (તલાટી) | ૭૩ |
| ૬ | પરીખ નટવરલાલ મગનલાલ (માછલી) | ૭૫ |
| ૭ | ભટ્ટ અશોક શાંતિલાલ (ચકલી ભટ્ટ) | ૫૫ |
| ૮ | પ્રજાપતિ ઓચ્છવલાલ મંગલદાસ | ૬૦ |
| ૯ | સુલોચનાબેન બાબુલાલ મોદી (બંગડી) | ૭૦ |
| ૧૦ | ગાંધી શાંતાબેન કંચનલાલ (સુરતી) | ૭૭ |
| ૧૧ | મોદી શાંતિલાલ ચંદુલાલ (ભટ્ટી) | ૮૭ |
| ૧૨ | પરીખ ઈન્દુબેન સુરેન્દ્ર (ચા-ગરમ) | ૩૯ |

*પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે*

## કણમાં મણ


સર્વ પ્રકારના ઉદ્વેગ અને દુ:ખનો એક જ ઈલાજ છે : આપણે સુખી કેમ થઈએ એ પ્રશ્ન ઉઠે ત્યારે તત્કાળ પોતાને પ્રશ્ન પૂછવો કે હું સુખી કેમ નથી? અને જે જવાબ મળે એ કારણને સમજપૂર્વક દૂર કરવું એ તમારો સર્વપ્રથમ પુરુષાર્થ હોવો જોઈએ.

થોડો સમય વિશ્વાસપૂર્વક ધૈર્ય ધરી પુરુષાર્થમાં લાગ્યા રહેશો તો અવશ્ય પ્રતીતિ થશે કે તમારા વિશ્વાસની ખામી એ જ ભગવત્કૃપાના વિલંબનું કારણ છે.

પુરુષાર્થ અને પ્રારબ્ધ અન્યોન્ય આશ્રિત છે, પણ વિશેષ પ્રભાવ પુરુષાર્થનો છે.

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થમાં સફળતા પ્રાપ્ત કરવી હોય તો એકાગ્રતા અનિવાર્ય છે. એકાગ્રતા માટે દૃઢ સંકલ્પ કૃતનિશ્ચયી હોવું અનિવાર્ય છે.

**બાલાસિનોર વાસીઓની સગવડ માટે વધુ એક પ્રયાસ જયોતિપુંજના પ્રકીર્ણ વિભાગ માટે**
**E-mail Address - vadsol@balasinor.org**



## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા) પુરસ્કૃત

# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

આપ સૌની જાણ ખાતર કોમ્પ્યુટર શિક્ષણ યોજનાનો લાભ ૨૩૦ જણ લઈ ચુક્યા છે.

આ યોજનામાં સ્કુલમાં અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણિઓ, સીનીયર સીટીઝન આનો લાભ લઈ શકશે. આ યોજનામાં WINDOWS, MSDOS, MS OFFICE, INTERNET અને EMAIL શીખવાડવામાં આવશે.

આ પ્રવૃત્તિ માટે નીચે મુજબ જણાવેલ સંસ્થાઓ સાથે મળીને આનો લાભ દરેક મુંબઈ તથા પરામાં રહેતા લોકોને આપવાનું વિચાર્યું છે.

1) Keerti Computer Institute - Kalbadevi, Ph : 22000666

2) Plus Point Infotech (P) Ltd. ના સેન્ટરો

| | | | |
|---|---|---|---|
| Kandivali (w) | ✆ : 2863 5659 | | |
| Dahisar (E) | ✆ : 2894 0919 | Virar (W) | ✆ : 95250-2510193 |

Sterlite Foundation ના સેન્ટરો

| | | |
|---|---|---|
| (1) Andheri (W) | (2) Bhayander (W) | (3) Dombivali (E) |
| (4) Dahisar | (5) Goregaon (W) | (6) Lower Parel |
| (7) Mira Road (E) | (8) Marine Line | (9) Matunga (E) CR |
| (10) Sion | (11) Vile Parle (E) | (12) Worli |
| (13) Worli (Sea Face) | | |

આ યોજના માટે સંસ્થામાં આનું ફોર્મ ભરવું જરૂરી રહેશે, ફોર્મની સાથે રૂા. ૭૫૦/-રોકડા અથવા ચેક અને એક ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી, સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને રૂા. ૫૦૦/- ચેકથી પાછા આપવામાં આવશે.

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસે સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહારચાલ) મંત્રીશ્રી શીરીષ પરીખ (Blossom Cards) તથા પ્રમુખશ્રી અસીત દેસાઈ (Impex Agency) - Nagedevi અને Chandresh Enterprise Corpn. Loharchawlથી મળશે.

આ અંગેની વધુ જાણકારી માટે સંયોજક સમીર જ. ગાંધીનો સંપર્ક સાધવો.


**Samir Jayendra Gandhi**

**Tel : (O) 22060294 / 22038077 (R) 23879098**

C/o. Nikoshi Trading Co., Room No. 12/5 1st floor, Carmellos building,
63/67 Pathak wadi, Lohar Chawl, Mumbai - 400 002.


| | |
|---|---|
| ***મંત્રી*** | ***સંયોજક*** |
| ***શીરીષ પરીખ*** | ***સમીર જયેન્દ્ર ગાંધી*** |